સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકની નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા અમલિત યોજનાઓના મૂલ્યાંકન માટે ખાતાકીય મૂલ્યાંકન સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ / ૧૩૨૦૧૫ / ૪૯૧૪૦૧/ અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૬/૧૧/૨૦૧૫.

<u>વંચાણે લીધાઃ</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)નો તા.૧૮.૫.૧૯૮૭નો પરિપત્ર ક્રમાંકઃ મલવ-૧૦૮૬-૨૮૪૯-ઠ.

(૨) નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૭/૮/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ ઈવીએલ-મો-૬-૨૦૧૫-૧૨૨૩-૧૨૨૬.

<u>ઠરાવ:</u>

સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) સામેના તા.૧૮.૫.૧૯૮૭ના પરિપત્રથી રાજ્ય સરકારના પ્રત્યેક વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલ યોજનાઓ અંગે મૂલ્યાંકન કાર્યાલય દ્વારા મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરીને યોજનાના અમલીકરણમાં અનુભવાયેલ મુશ્કેલીઓ, ઉદ્દેશોની સિધ્ધિ તથા લાભાર્થીઓના પ્રત્યાઘાત સાથે કાર્યક્રમની સફળતાની સમીક્ષા કરીને અહેવાલ તૈયાર કરવામાં આવે છે. આ અહેવાલ અને તેના પર મૂલ્યાંકન કાર્યાલયના તારણો પરત્વે વિચારણા કરવા માટે વહીવટી વિભાગ ખાતે ખાતાકીય મૂલ્યાંકન સમિતિની રચના કરવાની કરાયેલ જોગવાઇ અન્વયે આ વિભાગ હસ્તકની નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલ કરાતી યોજનાઓના મૂલ્યાંકન માટે નીચે જણાવ્યા મુજબની ખાતાકીય મૂલ્યાંકન સમિતિની આથી રચના કરવામાં આવે છે અને તેમાં નીચે જણાવ્યા મુજબના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવે છે.

ખાતાકીય મૂલ્યાંકન સમિતિઃ

| ક્રમ | અધિકારીશ્રીના હોદ્દાનું નામ | |
|---|---|---|
| (૧) | સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / અધિક મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| (૨) | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર. | સભ્ય |
| (૩) | નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલય, ગાંધીનગર. | સભ્ય |

| | | |
|---|---|---|
| (૪) | સંયુક્ત / નાયબ સચિવ (વિનિયમન),<br>સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) | સભ્ય |
| (૫) | નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) | સભ્ય |
| (૬) | નાયબ/સંયુકત/અધિક સચિવ (વિ.જા),<br>સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | સભ્ય સચિવ |

**<u>આ સમિતિ નીચેની કામગીરી સંભાળશે:</u>**

(અ) અહેવાલના મુસદ્દા પર ચર્ચા કરી આખરી કરવા અંગેના સૂચનો કરશે અને અહેવાલને મંજૂર કરશે.

(બ) મંજૂર થયેલ અહેવાલમાં દર્શાવેલ ભલામણો ઉપર લેવાના પગલાં અંગેની સામયિક સમીક્ષા કરશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ની તા. ૨૩/૧૧/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામ,

( જે.વી.દેસાઇ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈપ.વ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સા.ન્યા.અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં-૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલય, ગુજરાત રાજ્ય, સેકટર-૧૮, ગાંધીનગર.
- નાયબ સચિવ (વિનિયમન), સામાન્ય વહીવટ વિભાગ (આયોજન), સચિવાલય, ગાંધીનગર..
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવ (વિ.જા.), સા.ન્યા.અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, અ.૧-શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ